ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૪૦.૦° સે.	૨૯.૦° સે.
બારડોલી	૩૮.૦° સે.	૨૭.૦° સે.
ભરૂચ	૪૨.૦° સે.	૨૯.૦° સે.
વ્યારા	૩૮.૦° સે.	૨૭.૦° સે.

ઈંધણના ભાવમાં લીટરે રૂ.7થી 8ના વધારાને કારણે અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક પટ્ટા પર ઉત્પાદન ખર્ચમાં 15% સુધીનો સીધો વધારો, કાચા માલની તંગી, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઉછાળો અને પાવર બેકઅપ મોંઘું થતાં વૈશ્વિક સ્પર્ધાત્મકતા જોખમાઈ

ભરૂચનાં MSME એકમોનો મૃત્યુઘંટ

મિડલ ઈસ્ટ યુદ્ધથી સપ્લાયને અસર

પેટ્રોલ-ડીઝલના ભાવ વધતાં મુંબઈ પોર્ટથી અંકલેશ્વર સુધી કન્ટેનરનું ભાડું રૂ. 34,000થી વધીને રૂ.42,000 થયું

રેડ સી સહિતના જહાજ માર્ગો પ્રભાવિત થતાં સાઉદી, UAE અને સિંગાપોરથી આવતા ક્રૂડ આધારિત બેઝિક રો-મટિરિયલ્સના ભાવ 20% વધ્યા

ભરૂચ, અંકલેશ્વર: એશિયા ખંડની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વર GIDC સહિત પાનોલી, ઝઘડિયા, વાગરા અને દહેજના ઔદ્યોગિક પટ્ટા પર પેટ્રોલ-ડીઝલ અને CNGના સતત વધતા ભાવે સીધો ફટકો માર્યો છે. મિડલ ઈસ્ટમાં વધતા યુદ્ધ સંકટને કારણે આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલ સપ્લાય ચેઈન ખોરવાતાં ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્ર માટે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા 11 દિવસમાં રાજ્યમાં પેટ્રોલના ભાવમાં અંદાજે રૂ.7.5 થી 8 પ્રતિ લિટર અને ડીઝલમાં રૂ.7થી વધુનો નોંધપાત્ર વધારો નોંધાયો છે.

કેમિકલ એક્સપોર્ટર મહેશ પટેલના જણાવ્યા મુજબ ગોલ્ડન કોરિડોરનો ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો મોટા ભાગનો વ્યવહાર જવાહરલાલ નહેરુ પોર્ટ (મુંબઈ) થકી થાય છે. ભાવવધારાનો સૌથી મોટો ફટકો આ પોર્ટથી આવતાં-જતાં કન્ટેનર ટ્રાન્સપોર્ટને પડ્યો છે. એક મહિના પહેલાં મુંબઈ પોર્ટથી અંકલેશ્વર સુધી 20 ફૂટના કન્ટેનરનું ભાડું રૂ.34,000-36,000 હતું, જે હવે રૂ.39,000-42,000 સુધી પહોંચી ગયું છે. હવે પ્રતિ ટ્રિપ રૂ.5,000-6,000નો વધારો સહન કરવો પડે છે.

અગ્રણી કેમિકલ મેન્યુફેક્ચરર અનિષ પરીખે મત વ્યક્ત કરતાં જણાવ્યું કે, અંકલેશ્વર-પાનોલીમાં ડાયઝ, પિગમેન્ટ્સ, ફાર્મા ઈન્ટરમીડિયેટ્સ, સ્પેશિયાલિટી કેમિકલ્સ અને સોલ્વન્ટ્સ, ઝઘડિયામાં એગ્રીકેમિકલ્સ અને API, જ્યારે દહેજ-વાગરામાં પેટ્રોકેમિકલ્સ, પોલિમર્સ, મેથનોલ, એસિટિક એસિડ વગેરે ઉત્પન્ન થાય છે. આ માટે ક્રૂડ આધારિત કાચો માલ સાઉદી અરેબિયા, UAE, કતાર અને સિંગાપોરથી આયાત થાય છે.

અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવાનો મત જણાવ્યું કે, ઉત્પાદન કિંમત પર માઠી અસર પડી છે. ઔદ્યોગિક સરવે મુજબ, કેમિકલ-ફાર્મા ઉદ્યોગોમાં પાવર, ફ્યુઅલ અને લોજિસ્ટિક્સનો હિસ્સો મોટો હોવાથી ઈંધણ મોંઘું થતાં એકંદર ઉત્પાદન કિંમતમાં 12% થી 15% સુધીનો સીધો વધારો થયો છે. બોઈલર-પાવર બેકઅપ ચલાવતા એકમો પર વધારાનું ભારણ આવ્યું છે. ક્રૂડ આધારિત બેઝિક રો-મટિરિયલ્સ (બેન્ઝીન, ટોલ્યુઈન, સોલ્વન્ટ્સ)ના ભાવમાં 20% સુધીનો ઉછાળો આવ્યો છે.

મિડલ ઈસ્ટમાં જહાજ માર્ગો પ્રભાવિત થતાં આયાતમાં વિલંબ અને ફ્રેઈટ ચાર્જમાં 12-20%નો વધારો નોંધાયો છે. ડીઝલ પ્લાન્ટ ચલાવતા એકમોનો વીજ ખર્ચ 10-18% વધી શકે છે. નિષ્ણાતો મુજબ આ સ્થિતિ યથાવત રહી તો કુલ ઉત્પાદન કિંમતમાં 8-15% વધારો થઈ શકે છે, જે ગુજરાતના કેમિકલ ઉદ્યોગની વૈશ્વિક સ્પર્ધાત્મકતાને અસરગ્રસ્ત બનાવશે.

ઉદ્યોગ જગતમાં ભીતિ છે કે, રેડ સી માર્ગ પ્રભાવિત હોવાથી પહેલેથી આસમાને ચડેલા કન્ટેનર ભાડાંમાં હવે સ્થાનિક ઈંધણ વધારાનો બેવડો માર પડ્યો છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં રાહત નહીં આવે તો અંકલેશ્વર અને ભરૂચના અનેક નાના અને મધ્યમ (MSME) પ્લાન્ટ્સને આંશિક બંધ કરવા પડી શકે છે.

રાસાયણિક વૈશ્વિક વેપારમાં ભરૂચનો 19% ફાળો: આંકડાકીય સમીક્ષા

કેમિકલ નિકાસમાં ભરૂચનો 19% હિસ્સો છે. જિલ્લો વાર્ષિક અંદાજે રૂ.1,15-1.25 લાખ કરોડનો આંતરરાષ્ટ્રીય વેપાર કરે છે, જેમાં રૂ.54,000-62,000 કરોડ નિકાસ અને રૂ.66,000-78,000 કરોડ આયાતનો સમાવેશ થાય છે.

સંક્ષિપ્ત સમાચાર

વરેલીમાં ચાલકે ટેમ્પો રિવર્સ લેતાં યુવક કચડાઈ ગયો

પલસાણા: પલસાણાના વરેલી ગામની હદમાં ભારત પેટ્રોલ પંપ સામે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લલિત ટ્રાન્સપોર્ટ પાસે ટાટા કંપનીના ટેમ્પો નં.(DD-01-L-9733)ના ચાલક રાજેન્દ્ર શિવબલીપ્રસાદ ભગતે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે રિવર્સ લીધું હતું. આ દરમિયાન ટેમ્પોનું કંડક્ટર સાઈડનું પાછળનું વ્હીલ ત્યાં હાજર ૨૭ વર્ષીય જયલાલ મદીર બૈગા નામના યુવકના કમરના ભાગે ફરી વળ્યું હતું. ભીર ઈજાઓ થવાને કારણે યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માત અંગે ટ્રાન્સપોર્ટના વોચમેન સંતોષ રામદેવ દુબેએ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટેમ્પો ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કામરેજના શેખપુરમાં કારખાનાના બીજા માળેથી પટકાતાં શ્રમજીવીનું મોત

કામરેજ: મૂળ ઓડિશાના ગંજામ અને છેલ્લા દોઢ વર્ષથી કામરેજના શેખપુરની શુંગલ ઇન્ડસ્ટ્રિઝમાં કામ કરતો ૪૬ વર્ષીય સુધાકર બનમાલી બિશ્નોઈ સોમવારે મોડી રાત્રે આશરે ૧૨:૩૬ વાગ્યે કંપનીના બીજા માળેથી નીચે પટકાયા હતા. જેથી ગંભીર ઈજાના કારણે તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક શ્રમિક પાંચ દિવસ પહેલાં જ રજા પરથી પરત ફર્યો હતો. આ સમગ્ર ઘટનાનાં લાઈવ દૃશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયાં છે. આ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ધોરણ પારડી પાસે અજાણ્યા ઈસમનો મૃતદેહ મળ્યો

કામરેજ: કામરેજ ના ધોરણ પારડી અંત્રોલીથી નવીપારડી જતાં ત્રણ રસ્તા પર અજાણ્યા ઈસમના મૃતદેહ પરથી અજાણ્યું વાહન ફરી ગયું હોવાની ગામના સરપંચને જાણ થતાં કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અજાણ્યા ઈસમનો મૃતદેહ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે.

ઓલપાડના લવાછાના યુવકનું કરંટ લાગતાં મોત

સાયણ: ઓલપાડ તાલુકાના લવાછા ગામે ઉતારા ફળિયામાં અક્ષય પરેશભાઈ પટેલ (ઉ.વ.૨૯) સોમવારે ઘરે વાડામાં પાણીની મોટર ચાલુ કરવા ગયો હતો. તે સમયે તેનો ડાબો હાથ સ્વીચ બોર્ડને અડી જતાં તેને હાથમાં જોરદાર કરંટ લાગ્યો હતો. જેથી અક્ષય બેભાન હાલતમાં જમીન ઉપર નીચે પટકાતા તેને જીવલેણ ઈજા થઈ હતી. તેને સારવાર માટે સરકારી દવાખાનામાં ખસેડાતાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો.

વાલોડના શીકેર ગામમાં માતાએ ઠપકો આપતાં સગીરાનો ઝેર પી આપઘાત

વાલોડ: વાલોડના શીકેર ગામે ઓડિયા ફળિયામાં રહેતા રમણભાઇ રમેશભાઈ રાઠોડ છૂટક કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની સગીર વયની પુત્રી પ્રીતિબેન રાઠોડ (ઉ.વ.આ-17) કંઈ કામધંધો કરતાં ન હોવાથી તેમની માતા મનીષાબેને તેને ઠપકો આપ્યો હતો. જે વાતનું પ્રીતિબેનને ખોટું લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી. આથી તેને સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

બારડોલીના બમરોલીની પરિણીતા પુત્ર સાથે ગુમ

બારડોલી: બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બમરોલી ગામમાં લકી ફાર્મ ખાતે રહેતી ૨૬ વર્ષીય પરિણીતા પોતાના ૫ વર્ષના માસૂમ દીકરા સાથે રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગઈ છે. મૂળ મહારાષ્ટ્રના અકોલા જિલ્લાના (અશોકનગર, મોચીપુરા, ભીમ ચોક) વતની અને હાલ બારડોલી તાલુકાના બમરોલી ગામે લકી ફાર્મ ખાતે રહેતા નિતીન રમેશભાઈ જંજાળનાં પત્ની રાખીબેન 24 તારીખે ૫ વર્ષના પુત્ર ગૌરવને સાથે લઈને ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે. જેનો પત્તો નહીં લાગતા બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે.

સુંદરપુર ગામમાં પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

વ્યારા: ઉચ્છલના સુંદરપુર ગામે પરિણીતાએ ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતાં મહિલાને ઉચ્છલ હોસ્પિટલમાં અને વ્યારા રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે. સુંદરપુર ગામમાં રહેતી 29 વર્ષીય મહિલાએ પોતાના પતિ નવીન કુસુભાઈ કાથુડના વહેમ અને મારઝૂડના કારણે માનસિક રીતે કંટાળી ગત તા.24-5-2026ના રોજ ઘરના રસોડામાં છતની લોખંડની એંગલ સાથે ઓઢણી વડે ફાંસો ખાઈ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પરિવારજનોને તરત ફાંસો ખાઈ આપઘાત કરી રહેલી પરિણીતા પાસે પહોંચી ગયા હતા અને પરિણીતાને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ઉચ્છલ સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ વ્યારા રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં હાલ પરિણીતાને સારવાર આપવામાં આવી રહી છે. ત્યારે પરિણીતાની માતાએ જમાઈ નવીન કાથુડ વિરુદ્ધ ઉચ્છલ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે નવીન વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલોદ પોલીસ મથક નજીક દારૂ પકડાવાની ઘટનામાં PI અને PSIની બદલી

ડી-સ્ટાફનું હેન્ડલ કરનારા કોન્સ્ટેબલ ગોવિંદભાઈ શિવાભાઈની ઉમરપાડા બદલી

હથોડા: તાજેતરમાં જ ગાંધીનગર વિજિલન્સની ટીમે સુરત જિલ્લાના પાલોદ પોલીસ મથકની બિલકુલ નજીક ત્રાટકીને, બિનધાસપણે કન્ટેનરમાંથી થઈ રહેલા ઈંગ્લિશ દારૂના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી 900થી વધુ દારૂની પેટીઓ ભરેલું કન્ટેનર, કાર્ટિંગ માટે આવેલી 4 બોલેરો પિકઅપ ગાડીઓ અને કેટલાક ઈસમોને ઝડપી પાડી કુલ 1 કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની નાક નીચે ચાલતા આ મોટા નેટવર્કને પગલે સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. રાજ્ય કક્ષાએથી કોઈ આકરાં પગલાં લેવાય તે પહેલાં, ચોંકી ઊઠેલા સુરત જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી પાલોદ પોલીસ મથકના જવાબદાર અધિકારીઓ પર બદલીનો કોરડો વીંઝ્યો છે, જેમાં પાલોદના પીઆઈ એસ.જે.ભાટીયાને એલ.આઈ.બી.માં, બે વર્ષથી ફરજ બજાવતા પીએસઆઈ પી.એચ.કછવાહાને લીવ રિઝર્વમાં અને ડી-સ્ટાફના ગોવિંદભાઈ શિવાભાઈને ઉમરપાડા ખાતે બદલી દેવામાં આવ્યા છે. આ ફેરબદલના ભાગરૂપે હવે કોસંબાના પી.આઈ. એ.જે.રાણા અને મહિલા પીએસઆઈ જે.એસ.વસાવાને પાલોદ પોલીસ મથકની કમાન સોંપાઈ છે, જ્યારે એલ.આઈ.બી.માંથી આર.જે.ઠુમ્મરને કોસંબાના નવા પી.આઈ. તરીકે નિયુક્ત કરાયા છે. અત્રે યાદ રાખવું જરૂરી છે કે, પાલોદ પોલીસની હદમાંથી તાજેતરમાં જ મોટી માત્રામાં કેમિકલ ચોરીનો વેપલો અને હવે વિજિલન્સ દ્વારા આટલો મોટો દારૂનો જથ્થો ઝડપાતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે જનતામાં અનેક સવાલો ઊભા થયા છે. ઉચ્ચ કક્ષાએથી આક્રમક પગલાં ભરાય તે પહેલાં જિલ્લા પોલીસ વડાએ કરેલી આ ત્વરિત બદલીઓને પગલે સમગ્ર પોલીસ બેડા સહિત સ્થાનિક બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

બારડોલીના ચીફ ઓફિસર નગર સેવકોને પણ ગણકારતા નથી!

શામરિયા મોરા અને આજુબાજુના વિસ્તારોમાં ગટર ઉભરાતાં સ્થિતિ સ્ફોટક

નગરસેવકોએ અનેક વખત રજૂઆત કરી, પરંતુ પરિસ્થિતિ જૈસે થે

બારડોલી : બારડોલી નગરપાલિકા વિસ્તારના શામરિયા મોરાના લોકોની મુશ્કેલી દૂર થવાનું નામ નથી લેતી. પાલિકાના શાસકો અને અધિકારીઓની બેદરકારીને કારણે ખાડીને કિનારે આવેલા આ વિસ્તારના લોકોને પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસામાં ખાડીથી હેરાન લોકો હવે ગટર લાઈન ઉભરાતા ગંદા પાણીથી પરેશાન થઈ ચૂક્યા છે. લાંબા સમયથી શામરિયા મોરા, કાન ફળિયા હળપતિવાસ તેમજ દીપ નગરમાં ઉભરાતી ગટરનું ગંદુ પાણી વહી રહ્યું છે. આ ગટરનું ગંદુ પાણી પીવાના પાણી સાથે ભળી જાય તો રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. તેમ છતાં નગરપાલિકા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી નથી.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી નગરપાલિકાના શામરિયા મોરા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ગટરના પાણી ઉભરાય રહ્યા છે. નજીકથી પસાર થતી ખાડીમાં બોક્સ કલવર્ટનું કામ ચાલુ હોવાથી હાલમાં ખાડીમાં આડબંધ બાંધી પાણીનો પ્રવાહ રોકવામાં આવ્યો છે. જેને કારણે શામરિયા મોરા, દીપનગર, કાન ફળિયા હળપતિવાસ સહિતના વિસ્તારોમાં ગટરીયા પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ગંદુ પાણી આવવાથી રહેણાંક વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે. ગંદકીને કારણે રોગચાળાનો ભય વ્યાપ્યો છે. ચોમાસા દરમિયાન અહીં અવારનવાર ખાડીપૂરને કારણે પાણી ભરાય જાય છે. તેની હેરાનગતિ ઓછી હતી તે હવે ગટરલાઈન ઉભરાવાને કારણે સ્થિતિ વધુ સ્ફોટક બની ગઈ છે. દીપનગર પાસે તો મુખ્ય રોડ પરથી ગટરનું ગંદુ પાણી વહી રહ્યું છે. આ ઉપરાંત કાનફળિયા હળપતિવાસમાં લોકોના ઘરની લગોલગ ગંદુ પાણી જતાં ભારે હાલાકી વેઠવી પડી રહી છે. તેમજ પીવાના પાણીના નળની આજુબાજુ પણ ગંદુ પાણી ભરાય રહે છે. આ બાબતે હાલમાં જ ચૂંટાયેલા નગરસેવકો દ્વારા અનેક વખત ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે. પરંતુ ચીફ ઓફિસર તેમનું પણ સાંભળતા નથી. જેને લઈને લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. માત્ર એસી ઓફિસમાં બેસવા ટેવાયેલા ચીફ ઓફિસરને સ્થાનિક પ્રજાને પડતી હાલાકીની કોઈ પડી જ ન હોવાનું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. આ વિકટ પરિસ્થિતી અંગે જાણવા માટે ચીફ ઓફિસર મિલન પલસાણાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

બારડોલીની અસ્તાન તાલુકા પંચાયત બેઠક ભાજપે જીતી

કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશભાઈ રાઠોડનું નિધન થતાં ફેર મતદાન થયું હતું

બારડોલી: બારડોલીની અસ્તાન તાલુકા પંચાયત બેઠકની યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર નીલકંઠભાઈ રાઠોડનો ૧૩૮૮ મતોની સરસાઈથી વિજય થયો છે. આ વિજય સાથે જ હવે બારડોલી તાલુકા પંચાયતની તમામ બાવીસ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીએ પૂર્ણ બહુમતી સાથે ભગવો લહેરાવીને અદ્ભુત ક્લીનસ્વીપ કર્યું છે.

ચૂંટણી પરિણામોની વિગતવાર વિગતો જોઈએ તો ભાજપના વિજેતા ઉમેદવાર નીલકંઠભાઈ રાઠોડને કુલ ૨૦૨૭ મત પ્રાપ્ત થયા હતા, જ્યારે તેમની સામે ચૂંટણી મેદાનમાં ઉતરેલા કોંગ્રેસના પ્રતિસ્પર્ધી ઉમેદવાર નૈલેશભાઈ ચૌધરીને ૬૩૯ મત મળ્યા હતા અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર દિનેશભાઈ પટેલને માત્ર ૧૦૫ મતથી સંતોષ માનવો પડ્યો હતો. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી પૂર્વે કોંગ્રેસના અધિકૃત ઉમેદવાર ધર્મેશભાઈ રાઠોડનું અકાળે દુઃખદ નિધન થવાના કારણે આ મહત્વપૂર્ણ અસ્તાન બેઠક પર ચૂંટણી પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવી હતી. ત્યારબાદ ચૂંટણી પંચ દ્વારા નવેસરથી સમગ્ર પ્રક્રિયા હાથ ધરીને ગત રવિવારના રોજ શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાન યોજવામાં આવ્યું હતું. આ જીત બદલ સંગઠનના તમામ જમીની કાર્યકર્તાઓ, સ્થાનિક આગેવાનો અને જાગૃત મતદારો પ્રત્યે હૃદયપૂર્વક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી છે.

વિશાલ પટેલ

વતનમાં કમ્પાઉન્ડર, કામરેજમાં ડોક્ટર: 5 નકલી તબીબ ઝડપાયા

હલધરૂ અને પરબ ગામેથી એક મહિલા સહિત પાંચ બોગસ તબીબ સામે કાર્યવાહી

કામરેજ: હલધરૂ તેમજ પરબ ગામની હદમાં આવેલા ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાંથી ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતાં એક મહિલા સહિત પાંચ ડોક્ટરને પકડી પાડવામાં આવ્યાં હતાં.

સોમવારે સાંજે કામરેજ પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં પંદર જેટલા ક્લિનિકમાં સરકારી તબીબો સાથે દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં હલધરૂની હદમાં શુભમ રેસિડન્સીમાં જગત આનંક ક્લિનિક ચલાવતા રંજના વિપિન શુક્લા (ઉં.વ.40) (મૂળ રહે.,જેતપુર, જિ.આંબેડકરનગર, ઉત્તરપ્રદેશ), હલધરૂની વી.કે.રેસિડન્સીમાં માં કાલી ક્લિનિક ચલાવતા દિલીપ નારાયણ વિશ્વાસ (ઉં.વ.26) (મૂળ રહે.,બસ્તામાટપરા, જિ.નાદિયા, પશ્ચિમ બંગાળ), જ્યારે પરબ ગામની હદમાં ઓમ ઈન્ડસ્ટ્રિઝ વિભાગ-8માં મહાદેવ ક્લિનિક ચલાવતા અજિત અખિલેશ મહેતા (ઉં.વ.28) (મૂળ રહે.,બરમા, જિ.ઔરંગાબાદ, બિહાર), ઈન્દુ પ્રાથમિક ઉપચાર કેન્દ્ર, પરબ ચલાવતા અજય મોવાલાલ તિવારી (ઉં.વ.54) (મૂળ રહે.,સિરોલી, જિ.જોનપુર, ઉત્તરપ્રદેશ), ગૌરવ હેલ્થ કેર સેન્ટર, પરબ દવાખાનુ ચલાવતા અખિલેશ બરસાતી સિંગ (ઉં.વ.53) (મૂળ રહે.,ડૌળી, જિ.જોનપુર, ઉત્તરપ્રદેશ)ને પકડી લાવી મેડિકલનાં વિવિધ સાધનો તેમજ દવાઓ કબજે લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં પકડાયેલા તમામ પોતાના વતનમાં કમ્પાઉન્ડરની નોકરી કરી અહીં દવાખાનાની હાટડી ખોલી લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરતાં હતાં.

બૅંક ऑफ़ बड़ौदा Bank of Baroda

વેડ રોડ શાખા : દુકાન નં.૧૪ થી ૧૯, સીલ્વર સ્ટોન આર્કેડ, સીંગણપોર, સુરત. ફોન : ૦૨૬૧-૨૫૧૪૭૦૦/૮૦૦
E-mail : vedsur@bankofbaroda.com

(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ, **૧) મેસર્સ વિધી ક્રિએશન (એક ભાગીદારી પેઢી),**
પ્લોટ નં. ૯, ૧૦, ૧૧ અને ૧૨, ૫મો માળ, તુલસી ઈન્ડસ્ટ્રી, પંડોલ ઈન્ડસ્ટ્રી, સુરત- ૩૯૫૦૦૪.
૨) શ્રી મહેશભાઈ ઓધવજીભાઈ નાવડીયા (માલિક)
૩) શ્રીમતી સંગીતાબેન મહેશભાઈ નાવડીયા (જામીનદાર)
ફ્લેટ નં. એ-૧૩૦૨, સુકન સ્કાય, ડભોલી લીંક રોડ, સીંગણપોર, સુરત- ૩૯૫૦૦૪.

મહેરબાનશ્રી,
વિષય : અમારી વેડ રોડ શાખા માંથી ક્રેડીટ સુવિધા અંગે.
અમારા **તા.૧૮.૦૨.૨૦૨૬** ના પત્ર ક્રમાંક **BOB/MSME/VED ROAD/2025-26**માં બેંકની બાકી અંગે ના સંદર્ભમાં ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી મિલકત સુરક્ષિત કરીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર હાલનો	૧૭.૦૫.૨૦૨૬ ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન ખાતા નં. ૩૩૬૯૦ ૬૦૦૦૦ ૫૮૮૧	રૂ. ૪૮,૬૦,૦૦૦/-	૧૨.૯૦% + ૨% (પેનલ વ્યાજ) હાલનું	**રૂ.૩૫,૫૦,૨૦૮.૨૨** મુળ રકમ + લાગુ નહી કરેલ વ્યાજ **રૂ.૩૩૦૫૭.૪૩** + અનસર્વિસ્ડ વ્યાજ **રૂ.૦૦** + ચક્રવૃદ્ધિ વ્યાજ **રૂ.૦૦ = રૂ.૩૫,૮૩,૨૬૫.૬૫**+વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	કંપનીના વર્તમાન અને ભવિષ્યના તમામ કાચા માલ, સ્ટોક-ઈન-પ્રોસેસ, સ્ટોર્સ અને સ્પેરપાર્ટસ, પેકિંગ મટીરીયલ્સ, ફિનીશ્ડ માલ અને બુક-ડેબ્ટ્સનું ફેક્ટરી ની જગ્યામાં હાઈપોથીકેશન થયેલ છે.
કેશ ક્રેડિટ લોન ખાતા ૩૩૬૯૦ ૫૦૦૦૦ ૦૦૫૭	રૂ. ૧૦,૦૦,૦૦૦/-	૧૨.૯૦% + ૨% (પેનલ વ્યાજ) હાલનું	**રૂ.૯,૯૭,૮૫૧.૯૨ મુળ રકમ** + લાગુ નહી કરેલ વ્યાજ **રૂ.૬૫૦૭.૯૮** + અનસર્વિસ્ડ વ્યાજ**રૂ.૦૦** + રૂ. ૨૬૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂ.૧૦,૦૪,૬૧૯.૯ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	
કુલ :	રૂ. ૫૮,૬૦,૦૦૦/-		રૂ.૪૫,૮૭,૮૮૫.૫૫ + વ્યાજઅને તેના પર અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : પ્લોટ નં. ૯, ૧૦, ૧૧, અને ૧૨, ૫મો માળ, તુલસી ઈન્ડસ્ટ્રી, પંડોલ ઈન્ડસ્ટ્રી ખાતે આવેલ કંપનીના તમામ કાચા માલ, સ્ટોક-ઈન-પ્રોસેસ, સ્ટોર્સ અને સ્પેરપાર્ટસ પેકિંગ મટીરીયલ્સ, ફિનિશ્ડ ગુડ્સ અને બુક- ડેબ્ટ્સનું હાઈપોથીકેશન થયેલ છે.

૧) તમારામાંથી ૧ અને ૨ દસ્તાવેજોના આધારે જવાબદારી સ્વાકારી છે. અને તમારા માંથી ૩ એ **તા.૧૮.૦૨.૨૦૧૬** ના રોજ બેંકની રકમ **રૂ.૫૮,૬૦,૦૦૦**/- બેંકની ગાઈડલાઈન મુજબ બેંક ના અન્ય ચાર્જીસની જવાબદારી સ્વીકારી છે.**૨)** તમે જાણો છો કે તમે ઉપરોક્ત ક્રેડિટ સુવિધાઓમાં કસુર કર્યો છે.(ઉપરોક્ત નાણાંકીય સહાય/ ક્રેડિટ સુવિધાઓનું સંચાલન અને સંચાલન અનિયમિત થઈ ગયુ છે) તે મુજબ **માર્ચ-૨૦૨૬** ના રોજ પુરા થયેલ ત્રીમાસિકમાં ગાળા માટે ઉપરોક્ત ખાતા ને **૩૧.૦૩.૨૦૨૬** ના રોજ નોન પર્ફોમિંગ એસેટ્સ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરેલ છે. **૩)** તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૩૧.૦૩.૨૦૨૬** ના રોજ નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. **૪)** લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂ.૪૫૮૭૮૮૫.૫૫/- + વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. **૫)** કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. **૬)** તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હક્ક પ્રાપ્ત થશે નહી. ૮)** કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૨૦.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, વેડ રોડ શાખા, બેંક ઓફ બરોડા.**

(ભારત સરકાર, નાણા મંત્રાલય)
ઋણ વસુલી અધિકરણ-II
ચોથો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ, ગુજરાત

ફોર્મ નં. ૨૨(અગાઉ ૬૨) [ડીઆરટી રેગ્યુલેશન ૨૦૧૫ નું રેગ્યુલેશન ૩૬ અને ૩૭) (આવકવેરા કાયદો, ૧૯૬૧ ના નિયમના બીજા પરિશિષ્ટનો નિયમ ૫૨(૧)(૨)] ઋણ વસુલી અને બેંક અને નાણાકીય સંસ્થાના એક્ટ ૧૯૯૩ સાથે વંચાણે લઈ

ઈ-હરાજી / વેચાણ નોટીસ
રજી. નં. એડી/દસ્તી/એફિક્સેશન/ બીટ ઓફ ડ્રમ / પબ્લીકેશન

ટી.આર.પી./ટી.આર.સી. નં.	૩૧/૨૦૨૩	ઓ.એ. નં.	૪૮૧/૨૦૧૭
સર્ટિફિકેટ ધારક બેંક		બેંક ઓફ ઈન્ડિયા	
		વિરૂદ્ધ	
સર્ટિફિકેટ ઉધારકર્તા		કનેરીયા ગ્રેનાઈટ લીમીટેડ અને અન્યો	

પ્રતિ
પ્રમાણિત દેવાદાર નં.૧ : કનેરીયા ગ્રેનાઈટ લિમીટેડ. ભુતપુર્વ ગ્રોમેર ગ્લાસ અને સીરામીક પી. લિમીટેડ, રજીસ્ટર્ડ ઓફિસ : ૬૦૨/એ/૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧
અને યુનિટ ધરાવતી મુ. : પ્લોટ નં. ૩-એ, રે. સ. નં. ૩ મોજે ગામ. વડદલા, દહેજ બંદર રોડ, તા. વાગરા, જી.ભરૂચ.
પ્રમાણિત દેવાદાર નં.૨ : શ્રી અનિલ દુદાભાઈ કનેરીયા : રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૩ : શ્રી મનોજ દુદાભાઈ કનેરીયા : રહેઠાણ : ૪૦૩, મુરૂલીધર એપાર્ટમેન્ટ, સીટીલાઈટ રોડ, અઠવાલાઈન, સુરત.
પ્રમાણિત દેવાદાર નં.૪ : શ્રી જેન્તી વસારામ મોડિયા : રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૫ : શ્રીમતી શિતલ અનિલ કનેરીયા : રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૬ : મેસર્સ વિવેકાનંદ એન્ટરપ્રાઈઝ : રહેઠાણ : સીટી સર્વે નં. ૧ બ્લોક નં. એ/૬૦૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૭ : મેસર્સ ઓપેલ ગ્લાસ અને સીરામિક્સ : રહેઠાણ મુ. : સીટી સર્વે નં. ૧, બ્લોક નં. એ/૬૦૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧

અહીં દર્શાવેલ પ્રમાણિત દેવાદાર નં.૧ થી ૭ **રૂ.૧૧૬,૫૧,૩૩,૨૩૯.૭૦ (અંકે રૂપિયા એકસો સોળ કરોડ એકાવન લાખ તેત્રીસ હજાર બસો ઓગણચાલીસ અને સીત્તેર પૈસા પુરા) તા.૧૫.૦૪.૨૦૧૭** ના રોજના વ્યાજ સહિત ચુકવવામાં અસફળ થયા હોય, **તા.૦૧.૦૨.૨૦૨૦** ના રોજના ચુકાદા અને હુકમ અનુસાર **ઓ.એ-નં.૪૮૧/૨૦૧૭** થી પસાર થયેલ મારા **તા.૦૨.૦૫.૨૦૨૬** ના હુકમ મુજબ નીચે દર્શાવેલ મિલકતો ઉપરોક્ત મેટર માટે ઈ-હરાજીથી વેચવામાં આવશે. હરાજીનું વેચાણ ઓનલાઈન, ઈ-હરાજી : https://baanknet.com ઉપર થી થશે.

લોટ નં.	મિલકતની વિગત	અનામત કિંમત (રાઉન્ડ ઓફ)	ઈએમડી ૧૦% (રાઉન્ડ ઓફ)
૧	મિલકત કે જે જુનો સર્વે નં. ૦૫, નવો સર્વે નં. ૮૧, 'કનેરીયા ગ્રેનાઈટ લીમીટેડ' રીલાઈન્સ પેટ્રોલ પંપ પાછળ, યુપીએલ લિમીટેડ, દહેજ જી.આઈ.ડી.સી રોડ, વડદલા - ૩૯૨૧૩૦, તા. વાગરા, જી. ભરૂચ.	રૂ.૧૪૪.૦૦ લાખ	રૂ.૧૪.૪૦ લાખ
૨	તિરૂપતી પ્લાઝા, એ-વિંગ, ૬ઠો માળ, ઓફિસ નં. ૬૦૬, સુડા ભવન બાજુમાં, ગર્લ્સ પોલીટેકનીક કોલેજ નજીક, નાનપુરા -૩૯૫૦૦૧, તા અને જી. સુરત.	રૂ.૪૩.૫૦ લાખ	રૂ.૦૪.૩૫ લાખ

* અહેવાલ મુજબ લોટ નં. ૨ ના સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન ના રૂ. ૨૯૮૩૯૫ (અંદાજે).

નોંધ : ઈએમડી ઈ-હરાજી વેબસાઈટ દ્વારા બેંકનેટ વોલેટ એટલે કે Website : https://baanknet.com માં જમા કરવાનો રહેશે. સૌથી વધુ બિડ કરનારે તેની અંતિમ બિડની રકમના ૨૫% બેંકનેટ વોલેટમાં પહેલાથી ચૂકવેલ ઈએમડીના એડજેસ્ટમેન્ટ પછી તરત જ આગામી બેંકના કામકાજના દિવસે માં આરટીજીએસ/એનઈએફટી દ્વારા જમા કરાવવાની રહેશે.

Bank Name & Address :	Bank of India, Asset Recovery Branch (ARB) Surat,C.O Bank of india, 5th Floor, Lalgate, Kanpith, Surat- 395003
Account Name	Bank of india
Beneficiary Account No. :	292090200000033
IFSC Code :	BKID0002920
Branch	Asset Recovery Branch, Surat

(૧) બોલી વધારાની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- લોટ ૧ અને રૂ. ૧૦,૦૦૦/- લોટ નં. ૨ માટે. (૨) ઈચ્છુક બીડરો ઓનલાઈન ટ્રેનીંગ માટે સર્વિસ પ્રોવાઈડર PSB Alliance (BAANKNET Auction Portal) (Tel Helpline No. +91 8291220220 અને શ્રી કશ્યપ પટેલ (Mobile No.9327493060), Helpline E-mail ID : support.BAANKNET@psballiance.com અને અન્ય મિલકત માટે સંપર્ક કરો શ્રી નરેશ રામભાઈ મકવાણા (મો નં. ૯૯૨૪૮૬૯૭૬૮)(૩) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે તેમની બીડ રજુ કરતા પહેલા વેચાણ અંગેના નિયામો અને શરતો અને પ્રક્રિયા વિગતે જાણવા માટે વેબસાઈટ **https:// baanknet.com** જુઓ. (૪) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે હરાજીની કાર્યવાહી પૂર્ણ થતા તરત જ ૨૫% રકમ (ઈએમડી બાદ કરતાં) જમા કરાવવાની રહેશે અને ૭૫% રકમ ની ચુકવણી ૧૫ દિવસમાં કરવાની રહેશે. જો પંદરમો દિવસ રવિવાર અથવા કોઈ અન્ય રજાનો દિવસ હોય તો ત્યાર પછીના બેંકના કામકાજના દિવસે ચુકવવાના રહેશે. સમય વધારી આપવા માટેને કોઈપણ રજુઆત માન્ય રહેશે નહી. (૫) આ હરાજીમાં મુકેલ મિલકતો 'જ્યાં છે ત્યાં છે', 'જે છે તે છે' અને 'જેમ છે તેમ' ના ધોરણે કરવામાં આવશે. (૬) હરાજીની વિગતો નીચે મુજબ છે.

હરાજીની વિગતો

૧	મિલકતોનુ નિરીક્ષણ	૨૨/૦૬/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૨.૦૦ સુધી
૨	ઈએમડી સાથે બીડ સ્વીકારવાની અને પેમેન્ટ ના પ્રકારના પુરાવા સાથે ડોક્યુમેન્ટ્સ અપલોડીંગ કરવાની છેલ્લી તારીખ	૦૭/૦૭/૨૦૨૬ સાંજે ૦૫.૦૦ સુધી
૩	ઈ-હરાજી	૦૮/૦૭/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ દરમ્યાન (નિયમ મુજબના ઓટોમેટીક ૦૩ મિનીટના વધારા સાથે ઈ-હરાજીની પૂર્ણતા સુધી)

(અનુભા દુબે) રીકવરી ઓફિસર-I,
ડેબ્ટસ રિકવરી ટ્રીબ્યુનલ-II, અમદાવાદ